Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

—ભાદરવો—

પુસ્તક ૭૩ મું
અંક ૧૧
૧ લી સપ્ટેમ્બર

વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩
ઈ. સ. ૧૯૫૭

सक्का सहेउं आसाइ कंटया,
अओमया उच्छहया नरेण ।
अणासए जो उ सहेज्ज कंटए,
वईमए कण्णसरे स पुज्जो ॥४॥

"વાહ વાહ થશે, શરીર સુખમાં રહેશે, ઇંદ્રિયો મજા માણશે," એવી એવી આશાઓ રાખીને તો લોહમય કાંટા–ભાલાની અણીઓ ઉપર પણ સૂવાનું કે બેસવાનું હોંશે હોંશે સહી શકાય છે, પરન્તુ જે સાધક કોઈ પણ પ્રકારની આશા રાખ્યા વિના જ કાનમાં પેસતાં વચનબાણોને–વચનનાં ભાલાંઓને શાંતભાવે–ધીરભાવે સહન કરે તેને "પૂજ્ય" કહેવો–જાણવો.

समावयन्ता वयणाभिघाया,
कण्णं गया दुम्मणियं जणन्ति ।
धम्मोत्ति किचा परमग्गसूरे,
जिइन्दिए जो सहई स पुज्जो ॥५॥

સામેથી આવી પડતા મર્મભેદી વચનના ઘા જ્યારે કાન સુધી આવી પહોંચે છે ત્યારે ભારે પીડા પેદા કરે છે–તે સાંભળતાં જ મન દુર્મન થઈ જાય છે, એવી પરિસ્થિતિમાં એ ભયાનક વચનના ઘાને શાંતિપૂર્વક સહન કરવાનો મારો "ધર્મ" છે એમ સમજીને ક્ષમાના માર્ગે ચાલનાર જે શૂરવીર જિતેંદ્રિય મનુષ્ય તેમને સહન કરે છે તેને "પૂજ્ય" કહેવો–જાણવો.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અનુક્રમણિકા


૧ શ્રી મહાવીર જિન સ્તવન .... (સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી) ૧૪૫

૨ શ્રીમહાવીરસ્વામિસ્તાક્ષરાષ્ટકમ્ (સંપૂર્ણ) (સ્વ. પંડિત હરગોવિંદદાસ ત્રિકમદાસ) ૧૪૬

૩ શ્રી સમેતશિખર વંદન .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૪૭

૪ સજ્ઝાયમાં તત્ત્વજ્ઞાન : ૬ .... (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) ૧૪૮

૫ "સન્મતિતર્ક"ના સર્જક દિવાકરજી (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૫૧

૬ અદ્ભુત શક્તિ .... .... (મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી) ૧૫૪

૭ સંતોષ એ પરમસુખ છે .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૫૬

૮ વાચક યશોવિજય ગણિ મોટા કે એમના સોદર પદ્મવિજય ? (હીરાલાલ રસિકલાલ કાપડિયા એમ. એ.) ૧૫૯

૯ વ્યવહાર-કૌશલ્ય : ૩૧૫ (સ્વ. મોતીચંદ ગિ. કાપડીયા-મૌક્તિક) ૧૬૦



નવી આવૃત્તિ પ્રગટ થઇ ચૂકી છે

## બાર વ્રતની પૂજા—અર્થ સહિત

[ તેમજ સ્નાત્રપૂજા ]

જેની ઘણા વખતથી માગણી રહ્યા કરતી હતી તે શ્રી બારવ્રતની પૂજા-અર્થ તેમજ સમજણ સાથેની પ્રગટ થઇ ચૂકી છે. સાથેસાથ સ્નાત્રપૂજા અને આરતી-મંગળદીવાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. સર્વ સજ્જને આચરણ કરવા યોગ્ય છે. મૂલ્ય માત્ર પાંચ આના

લખો:-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદરે ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે એંશી પાનાના આ પુસ્તકનું

મૂલ્ય માત્ર ચાર આના

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૭૩ મું
અંક ૧૧
ભાદ્રપદ
વીર સં. ૨૪૮૩
વિ. સં. ૨૦૧૩

## શ્રીમહાવીર જિન સ્તવન

(રાગ–કોણ તપસ્વી આવ્યો રે)

વીર પ્રભુ તારણહારા રે વંદન આજ હમારા રે.
વન વન કુંજે કોયલ કુંજે, પંકજ પ્રેમી મધુકર ગુંજે;
મંગળમય દિન વીર જન્મનો, પ્રકૃતિ હાસ્ય પ્રસારે રે....વીર પ્રભુ

ચૈત્ર સુદિ તેરસ દિન રાજે, ભારતકેરા જૈન સમાજે;
વિણ વાટ વિણ ઘીએ દીપક, ગાઢ તિમિર વિદારે રે....વીર પ્રભુ

ક્ષત્રિયકુંડ નગરીમાંહી, ઘરઘર ઘર ખુશાલી છાઈ;
ત્રણ્ય લોક થયા ઉજીયાળા, મહિમા ઇન્દ્ર વધારે રે....વીર પ્રભુ

છપ્પન દિક્કુમારી આવે, ઈન્દ્રો સેવા કરતા ભાવે;
મેરુશિખર ઉપર લઇ જાવે, અઠ્ઠાઈ ઉત્સવ ભારે રે....વીર પ્રભુ

ક્ષીરોદધીથકી જળ લાવે, ઇન્દ્રો કળશો ભરી નવરાવે;
ચરણે ચાંપી મેરુ ધ્રૂજાવ્યો, ઈન્દ્રની શંકા નિવારે રે....વીર પ્રભુ

મહાવીર નંદન ત્રિશલાકેરા, શાસનના શિરતાજ વડેરા;
પિતા સિદ્ધાર્થના કુળના તારા, વંદન આજ હમારા રે....વીર પ્રભુ

રચયિતા–સુશીલાબહેન ચીમનલાલ ઝવેરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रीमहावीरप्रार्थनाशतकम्

कर्ता–स्व. पंडित हरगोविंददास त्रिकमदास शेठ

( ८ )

मृत्स्नायां देव! कृत्स्नायामृद्धौ वा चक्रवर्तिनः ।
अध्यात्मभावनालीनः, समतां चिन्तयाम्यहम् ॥८८॥

शीते कम्पकरे रुद्रे, रौद्रे वा देहदाहके ।
दुर्धारासूत धारासु, धारये समतामहम् ॥८९॥

सुन्दर्याः सुकुमारांग्यास्तन्व्या आलिंगने स्त्रियाः ।
स्पर्शे वाग्निशिखाया मे, मा स्म भूत् समताहता ॥९०॥

षड्रसे रसनामिष्टे, मिष्टे स्वादुनि भोजने ।
सुदीर्घे लंघने वेश, साम्यं सात्म्यमुपैतु मे ॥९१॥

नानाविधे सुगन्धे वा, दुर्गन्धे मृतकस्य वा ।
मनो विपरिणामो मे, मा स्म भूद् देव! जातुचित् ॥९२॥

सौन्दर्यमकदर्ये दृगमन्दानन्ददायकम् ।
दृष्टिक्लेशि कुरूपं वा, व्याहन्तु समतां न मे ॥९३॥

सुकण्ठानिःसृते कर्णप्रिये सुललिते स्वरे ।
शब्दे श्रुतिकटौ वा मे, समंस्तात् सर्वदा मनः ॥९४॥

सर्वत्र सर्वदा सर्वावस्थास्वखिले वस्तुषु ।
अस्तु मे समतामग्नं ममतारहितं मनः ॥९५॥

देवैवं सर्वथा साम्यमध्यात्मानन्दकारणम् ।
सद्यः प्रसद्य मे देहि, प्रार्थना नापरा मम ॥९६॥

धन्यास्ते जन्मिनो वाप्य, ये दुरापां कृपां तव ।
स्फीतां साम्यसुधां पीता, अजरामरताश्रिताः ॥९७॥

कदा सुदिवसास्ते मे, भविष्यंतीश ! येष्वहम् ।
त्वद्गुणश्रवणध्यानानुविधानादितत्परः ॥९८॥

लब्धत्वत्करुणाज्योत्स्नः, पीत साम्यसुधारसः ।
विध्यातपूर्वदुश्चीर्णकर्मपावकसंचयः ॥९९॥



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रशांतसर्वसावद्ययोगतीव्रोपतापकः ।
नष्टानुलग्नदुर्ध्यानदुरामयपरम्परः ॥ १०० ॥

क्षीणातिसूक्ष्मरागादिकालकूटप्रभावकः ।
अवाप्त संवरस्वारघ्यो, रुद्धनूतनकर्मरुक् ॥ १०१ ॥

लब्धा स्वाभाविकीमात्मावस्थां स्फटिकनिर्मलाम् ।
प्राप्तस्तं परमानन्दं, भविष्यामि विनिर्वृतः ॥ १०२ ॥

वेदाङ्काङ्कमृगांकाब्दे, विक्रमान्माघमासके ।
शुक्लपक्षे द्वितीयायां, ग्रामे राजगृहे स्थितः ॥ १०३ ॥

राजधन्यपुरावासी, श्रेष्ठित्रिकमचन्द्रजः ।
हरगोविन्दनामा त्वामिति प्रार्थयते प्रभो ! ॥ १०४ ॥

( संपूर्ण )

## શ્રી સમેતશિખર વંદન

( હરિગીત )

પૃથ્વીતળે શુભ મગધ દેશે શિખરગિરિ ઉત્તુંગ જે,
ને પાર્શ્વનાથ ગિરીશ નામે જગતમાં વિખ્યાત છે;
સમ્મેત નામે સહુ ભજે જ્યાં વીસ જિનપતિ સંચર્યા,
પુરુષાર્થ સર્વે સાધતા જઈ મુક્તિરમણીને વર્યા. ૧

પૂનીત જ્યાં રજ રજ થઈ જિનપતિતણા સ્પર્શે ખરી,
મહેકી રહી નિર્મળ બની શુચિતા અહર્નિશ જે વરી;
જ્યાં વાયુમંડળ મઘમઘે સૌગંધ આત્મિક ભાવથી,
વંદન થજો એ તીર્થપતિના ચરણમાં સંવેગથી. ૨

જ્યાં તપ તપ્યા અંતિમ સુદર્શન દેશના આપી ગયા,
કેઈ ભવિક તાર્યા અમૃતવાણી પિરસતા સિદ્ધિ ગયા;
તીર્થો પ્રવર્તાવ્યા ધરી નિજ દેશકાળ સોહામણા,
જન તારવાને શુદ્ધ માર્ગો ધર્મના દાખ્યા ઘણા. ૩

જ્યાં ઘનઘટા સુવિચારમંડિત યોગિજનની પ્રાર્થના,
રજ રજ સુગંધિત રુચિર વિરચે ભાવના સંયોજના;
જે ભાવનામાં સ્નાન થાતા શુચિ થયા કેઈ ભવિજનો,
બાલેન્દુ ઇચ્છે ચરણરજનો સ્પર્શ પાવન તેમનો. ૪

—શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પત્રમાં તત્ત્વજ્ઞાન લેખાંક : (૬)

લેખક : પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

[ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજે ખંભાતથી જેસલમેર શ્રાવકો– શાહ હરરાજ – શાહ દેવરાજ ઉપર લખેલ તત્ત્વજ્ઞાનથી ભરપૂર કાગળ સમજૂતી સાથે. ]

મૂળ પત્ર–

केवलीनें ११ परीसह श्रीभगवतीसूत्रमध्ये पणि कहियां छइ. तथा तत्त्वार्थमध्ये पणि कह्या छे; 'एकादशजिने' ।९–११। इस्युं सूत्र छईं. पणि 'एकादशजिने न' इस्युं सूत्र न छइ. अने श्री सिद्धसेनाचार्यकृत टीकामध्ये इस्युं व्याख्यान पणि नथी. दिगम्बरकृत सर्वार्थसिद्धि टीकामांहि 'न सन्ति' इस्युं बाहिरथी लेवुं कहीउं छइ, ते सूत्रविरुद्ध व्याख्यान कर्ता तो दुर्मतग्राही महालोकने उपहसनीय छें.

बीजुं—थें इतरो विचारी देखो–बादरसंपरायें २२. सूक्ष्मसंपरायें १४ इत्यादि अनुक्रमें 'एकादश जिने' ए सूत्र चाल्युं, तो विधि अधिकारईं निषेधव्याख्यान पंडित होईं ते किम करें ?

वली मतवासनाईं दिगम्बरप्रमेयकमलमार्तण्डमध्ये ईस्युं व्याख्यान करिउं छइ जे– 'एकेनाधिका न दश एकादश एतावता'–एक नहीं, दश नहीं ते ११ ईं परीसह नहीं. ते ईस्यो समास व्याकरण विरुद्ध छइं–ते श्री स्याद्वादरत्नाकरमध्ये कहिउं छें.

केवलीनें कवलाहारमान्या विना ए सूत्र दिगम्बरनें मिलतुं न छइं. माटई ए सर्व बूडतें बाउलइं वळगवुं छइं–८४ बोल विचारमध्ये म्हे लिख्यो छे—

सूत्रनमइं परिसह कहै, वृत्ति ल्लिउ नकार;
जो संसो उपजत नहीं, तो तुझ भ्रमको भार.

[ (ગુ).–કેવલીને ૧૧ પરીસહ શ્રી ભગવતીસૂત્રમધ્યે પણ કહ્યાં છે. તથા તત્ત્વાર્થમધ્યે પણ કહ્યા છે. 'एकादशजिने–९–११' એવું સૂત્ર છે. પણ 'एकादशजिने न' એવું સૂત્ર **નથી.** અને શ્રી સિદ્ધસેનાચાર્યકૃત ટીકામધ્યે એવું વ્યાખ્યાન પણ નથી. દિગમ્બરકૃત સર્વાર્થસિદ્ધિ–ટીકામાં 'न सन्ति' એવું બહારથી લેવું કહ્યું છે, તે સૂત્ર વિરુદ્ધ–વ્યાખ્યાકર્તા તો દુર્મતગ્રાહી મહાલોકને ઉપહસનીય છે.

બીજું–તમે એટલું વિચારી જુઓ–બાદરસંપરાયે ૨૨. સૂક્ષ્મસંપરાયે ૧૪. ઇત્યાદિ અનુક્રમે 'एकादशजिने' એ સૂત્ર ચાલ્યું, તો વિધિ અધિકારે નિષેધ વ્યાખ્યાન પંડિત હોય તે કેમ કરે? વળી મતવાસનાએ દિગમ્બરે પ્રમેયકમલમાર્તંડમધ્યે એવું વ્યાખ્યાન કર્યું છે જે–'एकेनाधिका न दश एकादश एतावता' એક નહીં, દશ નહીં તે ૧૧ એ પરીસહ નહીં. તે એવો સમાસ વ્યાકરણવિરુદ્ધ છે. તે શ્રી સ્યાદ્વાદરત્નાકર મધ્યે કહ્યું છે. કેવલીને કવલાહાર માન્યા વિના એ સૂત્ર દિગમ્બરને મળતું નથી, માટે એ સર્વ બુડતે બાવળને વળગવું છે. ૮૪ બોલ વિચારમધ્યે અમે લખ્યું છે सूत्रनमइं–ઇત્યાદિ. ]

(સમજૂતિ)–૧ ક્ષુધા, ૨ પિપાસા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશમશક, ૬ અચેલ–નાગ્ન્ય, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નિષદ્યા, ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ જલ્લ–મલ, ૧૯ સત્કાર–પુરસ્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન, ૨૨ દર્શન–સમ્યક્ત્વ. એ બાવીસ પરીસહો છે. તેમાંથી કેવલીને ૧૧ પરીસહો હોય અને ૧૧ પરીસહો ન હોય, ક્ષુધા, પિપાસા, શીત–ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને જલ્લ–એ અગિયાર પરીસહો



For Private And Personal Use Only

વેદનીયકર્મના ઉદયને કારણે હોય છે. બાકીના અગિયાર પરીસહો જ્ઞાનાવરણ, મોહનીય અને અન્તરાયકર્મના ઉદયને કારણે હોય છે. કેવલીને જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચાર ઘાતીકર્મનો ક્ષય હોય છે એટલે એ કર્મજન્ય પરીસહો કેવલીને હોતા નથી, પણ વેદનીયનો ઉદય વર્તતો હોય છે એટલે તે ઉદયજન્ય અગિયાર પરીસહો હોય છે.

કેવલીને અગિયાર પરીસહ હોય છે તેમાં ક્ષુધા, પિપાસા પરીસહ પણ છે. એટલે એ પરીસહ ઉદયમાં આવે ત્યારે ક્ષુધા–પિપાસા કેવલીને પણ લાગે. એ દૂર કરવા માટે કેવલીને કવલાહાર કરવો અનિવાર્ય ગણાય. કેવલીને અગિયાર પરીસહો હોય છે–એ હકીકત 'પંચમાંગ–શ્રી ભગવતીજી સૂત્રમાં સ્પષ્ટ છે. શ્રી ભગવતીજીસૂત્રના આઠમા શતકમાં આઠમા ઉદ્દેશમાં પરીસહનું વર્ણન છે–ત્યાં કેવલી ભગવંતને ૧૧ પરીસહો હોય તે પાઠ આ પ્રમાણે છે.—

एगविहबंधगस्स णं भंते ! सजोगिभवत्थकेवलिस्स कति परीसहा पण्णत्ता ? गोयमा ! एकारसपरीसहा पण्णत्ता, नव पुण वेदेइ, सेसं जहा छव्विहबंधगस्स ।

દિગમ્બરો કેવલીને કવલાહાર નિષેધે છે એટલે જો તેઓ કેવલીને ઉપરોક્ત અગિયાર પરીસહો માને તો તેમાં આવતો ક્ષુધા પરીસહ પણ તેઓને માનવો પડે અને એ માને તો કવલાહાર પણ સ્વીકારવો પડે. એટલે કેવલીના આ અગિયાર પરીસહો માટે દિગમ્બરોને અવનવી મનસ્વી કલ્પનાઓ ઊભી કરવી પડે છે. તેઓ શ્રી ભગવતીજીસૂત્રના પાઠને માટે એમ કહી દે કે–એ અમોને માન્ય નથી.–એમ કરીને ઉપરના પાઠથી તો છૂટી જાય પણ તેઓ જેને સંપૂર્ણ માન્ય રાખે છે તે શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં પણ આ પરીસહોનો અધિકાર છે. તેમાં નવમા અધ્યાયમાં ૧૧ મું સૂત્ર एकादश जिने–૯–૧૧. એ પ્રમાણે છે. એ સૂત્ર સ્પષ્ટ કહે છે કે–કેવલીને અગીયાર પરીસહો હોય છે. શ્રી તત્ત્વાર્થસૂત્રને તો તેઓ–અમાન્ય છે એમ કહી શકે તેમ નથી. એટલે આ ૧૧ માં સૂત્રનો અર્થ કરવામાં અનેક વિચિત્રતાઓ તેઓ ઊભી કરે છે. 'एकादश जिने' એ પ્રમાણે સૂત્ર છે પણ 'एकादश जिने न' એવું સૂત્ર નથી એ હકીકત છે. શ્રી સિદ્ધસેનાચાર્યકૃત ટીકામાં પણ વિધિઅનુસારી વ્યાખ્યાન છે. નિષેધ નથી. જો એવો પાઠ ઉપલબ્ધ થતો હોત તો ટીકાકાર એ સૂચન પણ કરત પરંતુ એવું કાંઈ છે નહિ.

દિગમ્બરકૃત 'સર્વાર્થસિદ્ધિ' નામની શ્રી તત્ત્વાર્થની ટીકામાં પણ સૂત્ર તો ઉપર પ્રમાણે કાયમ રાખેલ છે ને કવલાહારનો વાંધો આવે એટલે 'न सन्ति' એવું ઉપરથી લેવું–એટલે 'અગિયાર પરિસહો જિનમાં હોતા નથી.' એવો અર્થ જણાવ્યો છે. આ પ્રમાણે સૂત્ર વિરુદ્ધ અર્થ કદાગ્રહગ્રસ્ત દુર્મતથી કરાય છે અને તે વિદ્વજ્જનને ઉપહાસ ઉપજાવે છે. આ સંબંધમાં એ પણ વિચારણીય છે–सूक्ष्मसाम्परायच्छद्मस्थवीतरागयोश्चतुर्दश–૯–૧૦ । बादरसाम्पराये सर्वे–૯–૧૨ । એ પ્રમાણે બાદરસંપરાયમાં ૨૨ પરીસહો, સૂક્ષ્મસંપરાયમાં ૧૪ એ પ્રમાણે વિધિનો અધિકાર ચાલે છે તેમાં વચમાં રહેલ 'एकादश जिने' એ સૂત્રમાં નિષેધ અર્થ પંડિતજન તો ન કરે. અને કોઈ દુરાગ્રહથી કરે તો તે અર્થ સુજ્ઞને માન્ય તો ન જ થાય.

આ સૂત્રનો વિધિરૂપ અર્થ કાયમ રાખીને કવલાહારના નિષેધને વાંધો ન આવે એવો અર્થ દિગમ્બર વિદ્યાનન્દ કરે છે. તેણે આ સૂત્રનો યથાયોગ્ય અર્થ–'જિનમાં ૧૧ પરીસહો હોય છે' એ કાયમ રાખ્યો–ને પછી શંકા કરી કે–તો જિનમાં ભૂખ આદિ નહિ રહે, કારણ કે મોહનીય કર્મરહિત વેદનીય કર્મ ત્યાં રહ્યા છતાં નકામું છે. તે કાંઈ કરી શકે નહિ. જેમ કોઈ કાર્ય ચાલતું હોય તેમાં રસ વગરનો ઉદાસીન પુરુષ હોય તો યે શું અને ન હોય તોયે શું ? એમ મોહનીય વગરનું વેદનીય હોવા છતાં નકામું છે ? સાચું છે, છતાં ભૂખ આદિ જિનમાં છે એ ઉપચારથી કહેલું છે. સકલ પદાર્થનો જેને સાક્ષાત્કાર છે એવા કેવલીભગવંતને મન નથી–તેથી ચિત્તવૃત્તિનો નિરોધ નથી છતાં ધ્યાન કહ્યું છે.–એ પ્રમાણે ક્ષુધા આદિ પરીસહો કહ્યા છે. આવો ઉપચાર

કરવાનું કારણ શું ? વેદનીયકર્મ છે એટલે તેના ઉદયજન્ય પરીસહો જણાવ્યા છે.

આ પ્રમાણે વિદ્યાનંદ ઉપચારથી અગિયાર પરીસહો છે એમ જે કહે છે તે મિથ્યા છે. જિનમાં મુખ્ય વૃત્તિએ એ છે. જો વેદનીય મોહનીય સહિત જ પોતાનો વિપાક દેખાડે એવું માનવામાં આવે તો અન્ય પણ અનેક દોષો આવે, માટે તે તે કર્મ સ્વતંત્ર છે અને પોતાનું ફળ આપે છે. ધ્યાનની વાત જે દૃષ્ટાંતરૂપે કહી છે તે પણ તેની ગેરસમજ છે. ચિત્તવૃત્તિનો રોધ એનું નામ જ ધ્યાન નથી. શુક્લધ્યાનના તે તે પાયાઓનું સ્વરૂપ વિચારવામાં આવે તો એ ભ્રમ–અંશ પણ ન રહે. ધ્યાન પણ કેવલી ભગવંતને મુખ્ય વૃત્તિએ છે; નહિં કે ગૌણ-વૃત્તિએ. એટલે તીર્થંકરનામકર્મ શાતાવેદનીય વગેરેની જેમ પરીસહો પણ કેવલીભગવંતને પોતાનો અનુભવ બરાબર કરાવે છે.

વિદ્યાનંદની જેમ ઉપચારથી અગિયાર પરીસહો માનનારા સર્વાર્થસિદ્ધિ ટીકાકાર અને સુખબોધાના કર્તા ભાસ્કરનન્દિ પણ વ્યર્થ આયાસ કરનારા છે–એના પ્રયત્નો પણ અફલ છે.

જિનમાં કવલાહાર ન આવી જાય એ માટે અગીયારે પરીસહોનો નિષેધ કરવાનો એક વિચિત્ર પ્રયાસ દિગમ્બર પ્રભાચંદ્રે પ્રમેયકમલમાર્તંડમાં કર્યો છે.

एकादश जिने–એ સૂત્રમાં न सन्ति એવું બહારથી ઉમેરવાનું કે ઉપચારથી છે એવું ન કરતાં પ્રભા-ચન્દ્ર તો 'એકાદશ' શબ્દનો જ અર્થ વિચિત્ર કરે છે. એક અધિક દશ–એકાદશ એટલે અગીઆર. એકાદશ શબ્દનો આ પ્રસિદ્ધ અર્થ છે. જ્યારે પ્રભાચન્દ્ર અહિં એ પ્રસિદ્ધ અર્થને મૂકીને–એક અધિક ન–દશ–અદશ–એકાદશ–એ પ્રમાણે એકાદશ શબ્દને છૂટો પાડીને અગીઆર નહિં એવો અર્થ કરે છે. પોતાના મતાગ્રહને પોષવાના આવેશમાં એકાદશ શબ્દનો એવો અર્થ ન થાય એ વિસરી જાય છે. એક તો પ્રસિદ્ધ પદોનો જે અર્થ લોકમાં પ્રસિદ્ધ હોય તેજ અર્થ કરવો એ વિદ્વજ્જનમાન્ય છે.

બીજું એક અધિક–ન–દશ એ પ્રમાણે કરવામાં 'ન'નો અર્થ પર્યુદાસ–પ્રતિષેધ છે કે પ્રસજ્યપ્રતિષેધ છે? જો પર્યુદાસપ્રતિષેધ છે એમ કહેશો તો—'પર્યુદાસઃ સદ્ગ્રાહી' એટલે પર્યુદાસપ્રતિષેધ વસ્તુનો નિષેધ કરે છે પણ સાથે જે વસ્તુનો નિષેધ કરવાનો છે તેના સમાન અન્ય પદાર્થનો વિધિ પણ કરે છે. જેમ 'अब्राह्मणमानय' 'અબ્રાહ્મણને બોલાવો' એ વાક્યમાં બ્રાહ્મણ ભિન્ન–બ્રાહ્મણ જેવા કોઈ મનુ-ષ્યને બોલાવવાનું વિધાન છે. એ પ્રમાણે પ્રસ્તુતમાં 'અદશ' શબ્દમાં રહેલો નિષેધપર્યુદાસ માનતાં દશભિન્નને દશસદૃશ નવ અથવા અગિયાર આવે તેને એક અધિક માનતાં દશ અથવા બારનું વિધાન પ્રાપ્ત થાય એ ઇષ્ટ નથી એટલે પર્યુદાસપ્રતિષેધ માન્ય થઈ શકે નહિ.

પ્રસજ્યપ્રતિષેધમાં 'नञ्'નો સર્વથા નિષેધ અર્થ થાય અને એ રીતે 'અદશ' શબ્દનો અર્થ દશ નહિ એવો થઈ શકે પણ એમ કરતાં 'એક'ની સાથે એવા અર્થવાળા 'અદશ' શબ્દનું જોડાણ થાય નહિં. આવા અર્થને સમજાવવા માટે 'એકાદશ' શબ્દ વ્યાકરણથી દૂષિત છે. મનસ્વી કલ્પના કરીને ગમે તે શબ્દના ગમે તે અર્થ કરવાથી તત્ત્વ પ્રાપ્ત થતું નથી.

વાદિદેવસૂરિજી મહારાજકૃત 'સ્યાદ્વાદરત્નાકર'ના બીજા પરિચ્છેદના ૨૭ મા સૂત્રની વૃત્તિમાં આ વિચારણા વિસ્તારથી સ્પષ્ટ સમજાવી છે.

'एकादशजिने' એ સૂત્ર કેવલીને કવલાહાર માન્યા સિવાય કોઈપણ રીતે સંગત કરી શકાતું નથી. એટલે દિગમ્બરો ડૂબતો માણસ તણખલાને વળગે એવા વ્યર્થ અને તુચ્છ પ્રયત્નો કરે છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજે શ્વેતામ્બરો અને દિગમ્બરો વચ્ચે ૮૪ વિચારોમાં જે મતફેર છે તે–પ્રૌઢ વ્રજભાષામાં–પદ્યમાં ગૂંથ્યા છે.–તે ૮૪ બોલવિચારમાં આ વિચાર જણાવતાં તેઓશ્રીએ જણાવ્યું છે કે–

'સૂત્રનમેં પરિસહ કહે, વૃત્તિ લેઉ નકાર;
જો સંસો ઉપજત નહીં, તો તુઝ ભ્રમકો ભાર. ૨૬'

સૂત્રમાં અગીયાર પરીસહો કહ્યા છે ને ટીકામાં 'ન'નો ઉમેરો કર્યો છે. જો સંશય ઉપજતો ન હોય તો તે તમારો મોટો ભ્રમ છે.

એટલે આવા વિફલ પ્રયત્નો છોડીને સાચી કવલાહારની વિચારણા સ્વીકારવી એ હિતાવહ છે. (ચાલુ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સન્મતિ તર્ક'ના સર્જક દિવાકરજી

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

અરે, ઓ અવધૂત! તું ક્યાંથી અહીં આવી ભરાયો છે? તને કંઇ ભાન-સાન છે કે, સાવ બોથડ છે? રાજ્યમાન્ય એવા આ મહાદેવ સામે લાંબા પગ કરીને બેસતાં તને લજ્જા પણ નથી આવતી?

જલ્દી ઉઠી જા અને મહાન્ અપરાધની ક્ષમા માગ. કદાચ શંકર ભગવાન કુપિત થશે તો તને ભસ્મીભૂત કરી નાંખશે. વળી હમણા અવંતીની પ્રજામાંથી નરનારીના ટોળા દર્શનાર્થે આવવા માંડશે.

ભાઇ પૂજારી, તારે ગભરાવાની જરા પણુ અગત્ય નથી. મારું મગજ ઠેકાણે છે અને તું જેને મહાદેવ માને છે એને હું સારી રીતે ઓળખું છું. જ્યારે મારી સ્તુતિ સાંભળવાની તેમનામાં શક્તિ નથી ત્યારે તેમની સામે પગ લંબાવવામાં મને ભય શાનો હોય!

ખરેખર તું ગાંડો લાગે છે. હજારો માનવોની આશા પૂરનાર આ મહાકાલેશ્વર મહાદેવને તું શક્તિ વગરના કહે છે? શિવરાત્રિના પ્રસંગે તો ખુદ મહારાજા અહીં પધારે છે. તારું ડહાપણુ ડોળવાનું મૂકી દઇ, ઝટ રસ્તે પડી જા, નહીં તો મારે રાજદરબારમાં ખબર આપી સૈનિકોને બોલાવવા પડશે. તેમના ધક્કા ખાશે ત્યારે જ તારી શુદ્ધ ઠેકાણે આવશે.

પૂજારી, તારે જે કરવું હોય તે કર. મહાકાલેશ્વરનું મંદિર ને કુંડ તો બીજી બાજુ આવેલ છે. આ તો ક્ષિપ્રા નદીનો એ ભાગ છે કે જ્યાં પૂર્વે શ્મશાનભૂમિ હતી. એક ઉત્તમ જીવની સ્મૃતિમાં તેના સંબંધીઓ તરફથી પ્રાસાદ બાંધવામાં આવ્યો હતો. એમાં દેવાધિદેવની મૂર્તિ હતી. પાછળથી શૈવમતીઓએ એને ભૂમિગૃહમાં બંધ કરી, ઉપર વેદિકા બનાવી શિવલિંગની સ્થાપના કરી છે.

પૂજારીએ રાજદરબારમાં ખબર મોકલાવી. તેને પાકી ખાતરી થઈ કે આ કોઇ અવધૂત સામાન્ય કોટિનો નથી. આ પ્રદેશનો જાણભેદુ જણાય છે. કદાચ એની વાતમાં તથ્ય પણ હોય. શા સારુ મારે એની સાથે વધારે લમણાઝીક કરવી? સત્તાનો કોયડો વીંઝાતાં જ જે હશે તે જણાઇ આવશે.

સૈનિકોના આગમન દરમીઆન ચાલુ કથાનકમાં જે અંકોડા જોડવાના બાકી છે તે બરાબર જોડી દેતાં જ આ અવધૂત કોણ છે? શા માટે આવું આચરણ કરી રહેલ છે? એ પાછળ મુખ્ય હેતુ શો હતો? એ સર્વ ઉપર આપોઆપ પ્રકાશ પથરાશે.

દિવાકરજીને ઇશારામાં જે કહેવાનું હતું તે કહ્યું અને થોડો સમય ગુરુ એવા વૃદ્ધવાદી વસતીમાં સાથે પણુ રહ્યા. એ પછી સિદ્ધસેનસૂરિ રાજવીને ઉપદેશ આપવા દરબારમાં જતા, પણ પગે ચાલીને-શિબિકામાં જવાનું ત્યજી દીધું હતું. વળી ગુરુજીએ જે પ્રભાવક થવાની આગાહી કરી હતી તે સાચી કરવા ઘણો સમય તેઓ સાહિત્ય-સર્જનમાં ગાળતા. અને-કાંતદર્શન નજર સામે રાખી તેઓ ન્યાયના અનુપમ ગ્રંથની રચના કરવાના કાર્યમાં ઓતપ્રોત બની ગયા હતા. એ માટે કેટલુંક જરૂરી સાહિત્ય જોવાની અગત્ય જણાતાં ચિતોડગઢ તરફ વિહાર પણ કરી ચૂક્યા હતા. વૃદ્ધ ગુરુજીથી પાદવિહાર શક્ય ન હતો એટલે તેઓએ તો આયુષ્યનો શેષભાગ આત્મચિંતનમાં ત્યાં રહી વ્યતીત કર્યો અને થોડાસમય પછી સ્વર્ગગમન કર્યું.

આ ખબર દિવાકરજીને પહોંચ્યા ત્યારે તેમને ઘણું દુઃખ થયું. માથેથી એક લાગણીવાળું છત્ર, કરાલ કાળે, ઝુંટવી લીધું એમ લાગ્યું. આત્મદેહના સંબંધને પિછાનનારા એ મહાત્માએ લમણે હાથ ન દીધા, પણ તેઓશ્રીની અંતિમ ઇચ્છા ફળીભૂત કરવા કમર કસી, અને મહાપરિશ્રમે 'સન્મતિતર્ક' નામના ન્યાયના વિષયને સુંદર રીતે છણી લેતા એક મહાગ્રંથની રચના કરી. એ કાળના વિદ્વાનોમાં એ કૃતિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભારોભાર વખાણ થયા. આજે પણ એ ગ્રંથની મહત્તા ઓછી નથી થઇ!

કુમુદચંદ્ર યાને શ્રી સિદ્ધસેન દિવાકરજી, દ્વિજકુળોત્પન્ન હોવાથી સંસ્કૃતભાષાના સર્વશ્રેષ્ઠ વિદ્વાન્ હતા. જૈન ધર્મમાં પ્રવ્રજ્યા સ્વીકાર્યા પછી અર્ધમાગધી ભાષામાં રચાયેલ શાસ્ત્રોનું અવગાહન કર્યું. આમ છતાં કોઇ કોઇવાર 'મગ્ગદયાણ" જેવા પ્રાકૃત ઉચ્ચાર કરતાં ઉપહાસને પાત્ર બનવું પડતું કેમકે જન્મથી સંસ્કૃત વાણીમાં જ બોલવાનો મહાવરો પડી ગયો હતો. આવશ્યક ક્રિયાસમયે થતી આ જાતની હાસ્યાસ્પદ ટીકા નિવારવા તેઓએ શ્રી સંઘને ઉદ્દેશી કહ્યું કે :–

**संघानुमत्या सिद्धान्तं संस्कृतं कुर्वे ।**

અર્થાત્ શ્રી સંઘ જો અનુમતિ આપે તો આ સર્વ સૂત્રો કે જે પ્રાકૃત યાને અર્ધમાગધીમાં છે તેનું હું સંસ્કૃત ગિરામાં પરિવર્તન કરી નાખું. નવકાર મંત્રનું આ રીતે મેં 'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः' સંસ્કૃતરૂપ કરેલું પણ છે. આચાર્યશ્રી જે રીતે આ વાત બોલી રહ્યા હતા એમાં સંઘ-આગેવાનોને વિનંતીને સ્થાને કંઇક ગર્વની ગંધ આવી. એમાંના એક જાણકારે જણાવ્યું કેઃ–

ગુરુદેવ! અમે સાંભળ્યું છે કે ગણધર મહારાજાઓએ બહુજનકલ્યાણની દૃષ્ટિ ધ્યાનમાં રાખી સૂત્ર-સિદ્ધાંતની રચના પ્રાકૃત ભાષામાં કરેલી છે. વિદ્વાનો અને પંડિતો માટે ચૌદપૂર્વોની રચના સંસ્કૃત વાણીમાં કરાયેલી હતી એવું પણ સાંભળવામાં આવેલ છે.

**बालस्त्रीमन्दमूर्खाणां नृणां चारित्रकांक्षिणाम्।**
**अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः॥**

આ શ્લોક આપશ્રીની ધ્યાન બહાર નહીં જ હોય. વળી એ મહાત્માઓને સંસ્કૃતભાષાનું જ્ઞાન નહીં હોય એવું આપની વાણીથી જણાય છે! આમ વદવું એ તેઓની એક પ્રકારની મોટી આશાતના કર્યા બરાબર નથી? એ માટે આપશ્રીએ પ્રાયશ્ચિત્ત કરવું જોઇએ.

સંઘધુરિણો! તમારી વાત બરાબર છે. મારા ગુરુદેવે અંતિમ સમયે કોઇપણ કાર્યમાં ઉતાવળા ન થવાની શિક્ષા આપેલી, છતાં હજુ હું એ અમલી બનાવી શકયો નથી. મારા કથનનો ધ્વનિ આપ માનો છો તેવો જ નીકળે એટલે હું મુનિવેશને ગુપ્ત રાખી, અવધૂતરૂપે મૌન ધારણ કરી સંયમનું પાલન કરતો બાર વર્ષ પર્યંત વિચરીશ. એ રીતે આત્મશુદ્ધિ કરીશ. શાસનપ્રભાવનાના કાર્યસમયે જ મારા એ મૌનવ્રતનો ભંગ કરીશ. બાકી અવધૂતના સ્વાંગમાં જ વિચરતો રહીશ. આ મારી તરફનું પારાંચિત પ્રાયશ્ચિત્ત આપ ગણજો.

શ્રી સંઘે વંદન કરી જણાવ્યું કે–આપના સરખા મહાન્ પંડિતનું અમોએ તો માત્ર ધ્યાન ખેંચ્યું છે, બાકી આપે તો આ મોટું પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યું. આપ મહાત્મા ધન્યવાદને પાત્ર છો. ચાતુર્માસનો કાળ વ્યતીત થતાં જ અવધૂત બનેલા સિદ્ધસેન ત્યાંથી વિહાર કરી ગયા. ચિતોડગઢ જેવા કેટલાયે નગરોમાં મૂકપણે વિચરી, આત્મશોધન અને સાહિત્યસર્જનમાં પોતાનો સમય વ્યતીત કરતા સાત વર્ષોના વહાણા વાયા પછી, વિહરતાં તેઓ એક સમયની પોતાની પ્યારી ભૂમિ ઉજ્જયિનીમાં આવી ચઢ્યા. **શ્રી અવંતી પાર્શ્વનાથના–મહાકાળ** પુત્રદ્વારા સ્વજનક અવંતીસુકુમાલની સ્મૃતિમાં રચાયેલ મનોહર પ્રાસાદમાં પ્રભુબિંબને છૂપાવી, નવી વેદિકા બનાવી એ ઉપર સ્થાપન કરાયેલ ધૂર્જટિ યાને શંકરના લિંગને જોતાં જ પેલા અવધૂતના નેત્રો રાતા થયા. મંદિર પાછળનો ઇતિહાસ ચક્ષુ સામે તરવરવા માંડ્યો. મનમાં એકાદ વિચાર દૃઢ થઇ ગયો અને તરત જ એ સામે લાંબા પગ કરી આસન જમાવ્યું!

પૂર્વે જોયું તેમ પૂજારીએ પાઠવેલ સમાચાર રાજવી વિક્રમને પહોંચ્યા ત્યારે એને આશ્ચર્ય થયું. પરદુઃખભંજન મહારાજાએ, પૂર્વે સાંભળ્યું હતું કે પોતાની સભાના નવરત્નરૂપ લેખાતા પંડિતોમાંના એક મહાન્ નૈયાયિક શ્રી સિદ્ધસેન આચાર્યને ચિતોડના જૈનસંઘ તરફથી કારણસર પ્રાયશ્ચિત્ત આપવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલ છે અને તેઓ અવધૂતના વેશે પૃથ્વીતલ પર વિચરે છે. કદાચ તેઓ જ કેમ અહીં પધાર્યા ન હોય! તેમના પ્રત્યે ભૂપતિને ભારે માન હતું. તેઓ સાધુ થયા હોવા છતાં તેમને રાજવી પોતાના નવ-રત્નમાંના એક તરીકે લેખતા અને એ વાતની નોંધ ક્ષપણક તરીકે સાહિત્ય ગ્રંથોમાં ઉપલબ્ધ પણ થાય છે. ક્ષપણકનો અર્થ જૈનસાધુ થાય છે, એ વાત જગ-મશહૂર છે.

મહાકાળપ્રાસાદમાં આવીને રાજવી વિક્રમે અવધૂતના ચહેરા સામે મીંટ માંડી અને પછી નક્કી કર્યું કે પોતાને ઉદ્‌ભવેલ શંકા સાવ નિર્મૂળ નથી, એ વાતની પાકી ખાતરી કરવા તેઓએ અવધૂતને ઉદ્દેશી કહ્યું કેઃ—

હે સાધો! સામે બિરાજમાન મહેશ્વરને વંદન કરવાને બદલે તમો આ કેવું વિચિત્ર આચરણ કરી રહ્યા છો?

મહારાજ! આ દેવ, જેમ જ્વરના વ્યાધિથી પીડાતા માનવને મોદકનો આહાર ન પચી શકે તેમ, મારી સ્તુતિથી પ્રસન્ન થાય તેમ નથી. એથી ઉલ્ટું તે લજ્જાસ્પદ બને એવો સંભવ છે.

ભલે, તમો સ્તુતિ કરો હું જોઉં છું કે તેઓ કેમ સહન નથી કરતા? અવધૂતે સુંદર સ્તુતિ આરંભી.

**स्वयंभुवं भूतसहस्रनेत्रमनेकमेकाक्षरभावलिंगम्**
**अव्यक्तमव्याहतविश्वलोकमनादिमध्यान्तम-**
**पुण्यपापम् ॥**

ઉપર પ્રમાણે પ્રથમ શ્લોક પછી મંજુલ સ્વરે, ઓજસ્વી વાણીમાં એક પછી એક શ્લોકો મુખારવિંદથી બહાર પડતાં ગયાં. એની સંખ્યા બત્રીશના આંકે પહોંચી. એ પછી **શ્રી પાર્શ્વનાથને** આશ્રયી **કલ્યાણમંદિર** સ્તોત્રની રચના આરંભાઈ. જ્યાં એનો અગીયારમો શ્લોક અવધૂતના મુખેથી ઉચ્ચારાયો કે સામેના લિંગમાંથી એકાએક ધૂમાડો નિકળ્યો અને એ ફાટીને બે કકડારૂપ બન્યું. વચમાંથી તેજસ્વી એવું **અવંતી-પાર્શ્વનાથનું** બિંબ પ્રગટ થયું. આ જાતનો અદ્‌ભૂત બનાવ જોતાં માત્ર રાજવી અને એના સંરક્ષકો જ નહીં પણ, દર્શને આવેલી વિશાળ માનવમેદિની વિસ્મિત બની. વિક્રમરાજાએ પૂછ્યું.

भो अवधूत! केनायं निर्मितो देव: અરે અવધૂતજી, આ બિંબનું નિર્માણ કોના દ્વારા થયું છે અને અહીં ભૂમિગૃહમાં તેઓ કેવી રીતે આવ્યા? એના જવા-બમાં અવધૂતે આર્યસુહસ્તિસૂરિના વરદ હસ્તે, નલિની-ગુલ્મ વિમાનમાં પુનઃ જવાની ઇચ્છાવાળા અવંતિ-સુકુમાળ નામના શ્રેષ્ટિપુત્રે પ્રવજ્યા સ્વીકારી, રાત્રે શ્મશાનભૂમિમાં કાયોત્સર્ગ ધ્યાને રહ્યા, ઉપસર્ગ સહન કરી ઇષ્ટની સિદ્ધિ કરી, ઇત્યાદિ વૃત્તાન્ત વર્ણવી તેમના પુત્રદ્વારા અહીં પ્રાસાદ નિર્માણ કરાયેલ, પિતાશ્રીની સ્મૃતિમાં પાર્શ્વબિંબનું નામ રખાયેલ અને પાછળથી શૈવમતના અનુયાયીઓ તરફથી ભૂમિમાં ક્ષેપન કરી, શંકરલિંગની સ્થાપના થયેલ એ સર્વ વાતો વર્ણવી.

એ સર્વ વ્યતિકર શ્રવણ કર્યા પછી વિક્રમ રાજવીને ઘણો હર્ષ થયો. પ્રભુબિંબને પુનઃ સ્થાપન કરવા, તેમજ તેમની પૂજા ચાલુ રહે એ માટે અમુક રકમ વર્ષાસનરૂપે જાહેર કરીને અંતમાં ઉમેર્યું કે—

મહાત્મા, આપ ભલે અવધૂતરૂપે વિચરી જૈન-સંઘની આજ્ઞાનું પાલન કરો પણ હું તો સારી રીતે આપને પિછાની ચૂક્યો છું કે મારી સભાના એક સમયના રત્નસમા **શ્રી સિદ્ધસેન** જ છો.

ક્ષપણકજી, આપને યોગ્ય જણાય તો મારી સભામાં પધારો.

મહારાજ! હાલ તો હું ચિતોડ તરફ વિચરી, ઓંકારપુરના સંઘની વિનંતિ હોવાથી તે તરફ જઇશ.

ચિતોડ સંઘના કાને આચાર્યશ્રીએ કરેલ અદ્‌ભૂત કાર્યના સમાચાર પહોંચ્યા કે તરત જ તેઓ સામે આવી માર્ગમાં ચરણે પડ્યા અને બોલ્યા કે આપે સ્વીકારેલ પ્રાયશ્ચિત્ત આ પ્રભાવિક કાર્ય કરવાથી પૂરું થયેલ છે. શ્રી સંઘ બાકીના પાંચ વર્ષ છોડી દે છે અને આપશ્રીને પુનઃ આચાર્યપદે સ્થાપન કરે છે. જય હો મહાન્ પ્રભાવક શ્રી સિદ્ધસેન દિવાકરજીનો.

ચિતોડમાં થોડી સ્થિરતા કરી, સાહિત્યસર્જનનું અધૂરું કામ પતાવી, તેઓશ્રી ઓંકારપુરમાં પધાર્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અદ્‌ભૂત શકિત

મુનિરાજ શ્રી હેમચન્દ્રવિજયજી

આજથી આશરે પચીસ સો સાડાપચીસો વર્ષ પહેલાંનો તે સમય હતો. જે કાળે ચારેકોર તામસ તત્ત્વોના તુમુલ યુદ્ધો ખેલાતાં હતાં. જ્યાં જુઓ ત્યાં હિંસાનું વાતાવરણ સર્જાતું હતું. ધર્મના પવિત્ર નામ ઉપર અનેક પાપાચારો સેવાતા હતા અનીતિએ નીતિના સામ્રાજ્યને જડમૂળથી ઉખેડી નાંખવા—નામશેષ કરી દેવા પૂરજોસથી પ્રયત્નો આરંભી દીધા હતા. અને સર્વત્ર મિથ્યાત્વના ઘોર અંધકારે સમ્યગ્જ્ઞાનના પ્રકાશને એકદમ આવરી લીધો હતો. એવા સમયે અન્તિમ તીર્થપતિ વિશ્વવત્સલ પ્રભુ વર્ધમાનસ્વામીનો જન્મ ક્ષત્રિયકુંડ નામના નગરમાં થયો. પ્રભુના જન્મથી રાજા સિદ્ધાર્થ અને રાણી ત્રિશલાને અતિશય આનંદ થયો. રાજાના આદેશથી આખા નગરને શણગારવામાં આવ્યું હતું અને પ્રભુના જન્મને એક સામુદાયિક મહોત્સવરૂપે ઉજવવાનો નિર્ણય પણ પહેલેથી જ લેવાયો હતો.

મહાવીર વિભુના જન્મસમયે ત્રણે લોકમાં પ્રકાશ થયો. નિરન્તર દુઃખના અનુભવોથી અતિશય વ્યાકુળ બનેલા નારકીઓ પણ તે સમયે સુખનો અનુભવ કરી આનન્દિત બન્યા. જ્યાં દુઃખના આગાર સમા નરકમાં પણ સુખનો સંચાર થયો તો પછી દેવ, મનુષ્ય અને તિર્યંચ ગતિમાં તો પૂછવું જ શું?

કલિકાલસર્વજ્ઞ–હેમચન્દ્રસૂરિ મ.એ વીતરાગસ્તોત્રમાં ફરમાવ્યું છે કે—

**नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।**
**पवित्रं तस्य चरित्रं, को वा वर्णयितुं क्षमः ? ॥**

જે તીર્થંકર દેવના 'ચ્યવન જન્મ દીક્ષા જ્ઞાન નિર્વાણ' આ પાંચે કલ્યાણકોને વિષે નારકીના જીવો

---

સંઘના આગેવાનો દ્વારા જાણવામાં આવ્યું કે જૈનેતર વર્ગનું પ્રાબલ્ય હોવાથી અને એમાં શૈવમતીઓ અગ્રપદે હોવાથી, અરિહંત પ્રાસાદ કરવા માટે યોગ્ય સ્થળે જગ્યા મળતી નથી.

સૂરિએ જણાવ્યું ફિકર નહીં. તરત જ ત્યાં થોડી સ્થિરતા કરી, આચાર્યશ્રી બિહાર કરી અવંતીમાં પધાર્યા. રાજદરબારે પહોંચ્યા અને પ્રતિહારના હાથમાં, જેમાં ચાર શ્લોકની રચના છે એવું તાડપત્ર મૂકી, રાજવીને પહોંચાડવા જણાવ્યું. વિક્રમરાજાએ એમાં દાખવેલી અદ્‌ભૂત શક્તિ નિહાળી તરત જ આદરપૂર્વક સૂરિ મહારાજને તેડી લાવી, ઊંચા આસને બેસાડી હસ્તદ્વય જોડી કહ્યું કે:–

શ્લોકની વાણીથી મને ઘણો જ આનંદ થયો છે. મારું ચારે દિશાનું રાજ્ય એના મૂલ્યાંકન તરીકે ઓછું લેખાય છતાં હું આપને એ અર્પણ કરું છું.

રાજન્! હવે હું પૂર્વનો પંડિત નથી રહ્યો. અકિંચન સાધુ છું. મારે રાજ્યનો ખપ નથી. જો સાચી ભક્તિ હોય તો ઓંકારપુરમાં **શ્રી પાર્શ્વનાથ** પ્રભુનો ઊંચો પ્રાસાદ કરાવી આપ કે જેથી ઉપાસકોને પૂજાનું સાધન પ્રાપ્ત થાય.

પૂજ્યશ્રી! એ તો હું તાકીદે કરાવી આપીશ બીજી કંઈ માગણી...

'परोपकाराय सतां विभूतयः' એમ કહી સૂરિજી ત્યાંથી સિધાવી ગયા.

આવા તો પ્રભાવનાના સંખ્યાબંધ કાર્યો તેઓશ્રીના હાથે થયા છે. વૃદ્ધવાદીની આશા ફળી છે. **સિદ્ધસેનદિવાકર** તરીકે તેઓ જગજાહેર છે.

વિચરતાં વિચરતાં તેઓશ્રી દક્ષિણ દેશના પ્રતિષ્ઠાનપુરમાં પધાર્યા. અંતસમય જાણી અનશનપૂર્વક સ્વર્ગે સિધાવ્યા. સંઘે એ સમાચાર ચિતોડગઢ પહોંચાડવા એક દ્વિજને મોકલ્યો. તેણે ત્યાં જઈ કહ્યું કે–દક્ષિણમાં વાદીરૂપી ધુવડો હવે બહાર પડશે. એ સાંભળતાં જ સંઘમાંથી સૂરિજીની બ્હેન બોલી ઉઠી કે–નક્કી સિદ્ધસેન વાદી પંચત્વ પામ્યા જણાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ખુશ થાય છે. તેમના પવિત્ર ચરિત્રનું વર્ણન કરવા કોણ શક્તિમાન્ છે? અહિં શ્લોકમાં પ્રભુના કલ્યાણક સમયે નારકીના જીવો ખુશ થાય છે તેવો ઉલ્લેખ છે ત્યારે સહેજે પ્રશ્ન થશે કે તે સમયે તો ચારે ગતિના જીવો ખુશ થાય છે તો કેવળ 'नारकाः'નો ઉલ્લેખ જ કેમ? તેનું સમાધાન એ છે કે-પ્રથમ તો શ્લોકમાં 'अपि' પદ છે તેનાથી જ એ અર્થ થાય છે કે નારકીઓ પણ. એટલે કે બીજા ગતિના જીવો તો ખુશ થાય એમાં કાંઈ નવાઇ નથી પણ અત્યંત દુખી નારકીઓ પણ ખુશ થાય છે. બીજું, દેવ-મનુષ્ય અને તિર્યંચમાં તો આનંદના નિમિત્તો ઘણા મળે અને તે નિમિત્તોને પ્રાપ્ત કરી તે તે ગતિના જીવો આનન્દનો અનુભવ કરે છે પણ બિચારા નારકીઓને તો પ્રભુના કલ્યાણક સિવાય આનંદનું કારણ જ નથી મળતું એટલે તે આનંદિત બને એટલે બાકીના ત્રણ ગતિના જીવો તો સુતરાં બને જ.

શ્રી વીરપરમાત્માનો જન્મવૃત્તાન્ત અવધિજ્ઞાનથી દેવરાજ ઇન્દ્રે જાણ્યો અને હરિણૈગમેષીદેવને આજ્ઞા કરી સુઘોષા ઘંટને વગડાવ્યો. જે વગાડવાથી સર્વ વિમાનમાં રહેલા ઘંટો શબ્દાયમાન બન્યા અને તેથી સર્વ દેવો સાવધ બન્યા. ત્યારબાદ હરિણૈગમેષી દેવે પ્રભુના જન્મનો સંદેશો સર્વને સંભળાવ્યો. પ્રભુના જન્મવૃત્તાન્તને સાંભળી અત્યંત હર્ષિત બનેલા દેવતાઓ નિજ નિજના આવાસથી નીકળી **દેવરાજ ઇંદ્રના** વિમાને આવ્યા. ત્યાંથી સર્વ દેવતાઓ ક્ષત્રિયકુંડ-નગરમાં સિદ્ધાર્થ મહારાજના રાજભુવને આવ્યા. માતાસહિત પ્રભુને વંદી સ્તવી, ઇન્દ્રમહારાજા પોતાના પાંચ રૂપ વિકુર્વી. ભગવંતને મેરુપર્વત ઉપર જન્મા-ભિષેક કરવા લઇ ગયા. સૌધર્મેન્દ્ર **દેવરાજે** પોતાના ઉત્સંગ(ખોળા)માં પ્રભુને પૂર્વાભિમુખ બેસાડ્યા અને અચ્યુતેન્દ્ર વિ. બીજા ઇન્દ્રો અભિષેક કરવા લાગ્યા. આ સમયે દેવરાજના મનમાં સ્વાભાવિક રીતે સંશય થયો કે પ્રભુની કાયા આટલી નાજૂક છે, તેના ઉપર યોજનપ્રમાણના મુખવાળા કલશોનું ઉદક પડશે તો પ્રભુનું શરીર કેવી રીતે ખમી શકશે?

ભગવંત મહાવીરદેવે પણ અવધિજ્ઞાનથી ઇન્દ્રના સંશયને જાણ્યો અને પોતાના વામાંગુષ્ઠ (ડાબા પગના અંગૂઠા)વડે પર્વતને સહજ સ્પર્શ કર્યો કે આખો પર્વત ડોલવા માંડ્યો. મેરુના ડોલવાથી સમુદ્રો ખળભળી ઊઠ્યા અને ધરતી પણ કાંપવા માંડી. સૌ આશ્ચર્યચકિત બની ગયા. ઇન્દ્રને પણ થયું કે પ્રભુજન્માભિષેકના પવિત્ર સમયે કયો દુષ્ટ આ પ્રમાણે ઉપદ્રવ કરે છે! જ્યારે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને તેમને ખબર પડી કે આ તો મારા સંશયને દૂર કરવા ખુદ પ્રભુએ જ આ પ્રમાણે કર્યું છે. ત્યારે તો તેઓ લજ્જિત બનીને પ્રભુ પ્રત્યેની શંકા માટે માફી માંગવા લાગ્યા. કારણ તીર્થંકરદેવો અનંત શકિતના ભંડાર હોય છે. તેમના પ્રત્યે આવો સંશય થવો તે પણ એક અપરાધ જ હતો.

ઇન્દ્ર વિ. દેવતાઓ પ્રભુનો જન્માભિષેક ખૂબ જ ઉત્તમ રીતે ઉલ્લાસપૂર્વક ઉજવી પ્રભુને લાવીને તેમને માતા પાસે મૂકે છે. અને અવિનયની માફી માંગી નંદીશ્વરદ્વીપે જન્મોત્સવ કરી નિજ નિજના સ્થાનકે જાય છે.

પ્રભુએ વામાંગુષ્ઠનો સ્પર્શ કરી મેરુપર્વતને ડોલાવ્યો અને તેથી આખી પૃથ્વી, સમુદ્રો ખળભળી ઊઠ્યા. આ પ્રસંગને કેટલાકો કાલ્પનિક તેમજ અતિશયોકિતરૂપ માને છે. અંગૂઠાના સ્પર્શથી મેરુ જેવો મહાન્ પર્વત ડોલી ઊઠે તેમ માનવામાં તેઓને અંધાનુકરણ જેવું લાગે છે. આ વાતને ખૂબ જ વિચિત્રરૂપે ચીતરે છે, પણ એટલું સમજવું જોઇએ કે આત્મા અનંતશકિતનો સ્વામી છે પણ તે શકિત જ્યાં સુધી તિરોહિત હોય છે ત્યાં સુધી તેનો ઉપયોગ કરી શકતો નથી પણ તે જ જ્યારે ઉદ્ભૂત થાય છે ત્યારે અન્ય શકિતઓની તેની સામે કશી જ કીંમત હોતી નથી જેમકે જડ જેવી દીવાસળીની એક જ સળી સળગાવીને લાખ્ખો મણ કપાસના ઢગલામાં મૂકી હોય તો તે બાળીને ખાખ કરી નાંખે છે. જડની આટલી શક્તિ છે, તો પછી ચેતનની કેટલી હોય? તેની કલ્પના સહેજે કરી શકાય તેમ છે.

આ ઉત્તર ઉપર વધુ તર્ક દોડાવતા કેટલાકોનું એવું કથન પણ છે કે-જો પ્રભુના અંગૂઠાના સ્પર્શ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંતોષ એ પરમસુખ છે

શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'

સંતોષ કે સમાધાન આત્માને સુખ આપે છે, કારણુ કે સુખનું લક્ષણ જ આત્મતૃપ્તિ છે અને જ્યાં આત્માને તૃપ્તિનું સમાધાન મળતું ન હોય ત્યાં સુખનો અભાવ હોય છે. સુખનો અભાવ થતાં તે મેળવવા માટે પ્રયત્ન કરાય છે અને એ પ્રયત્નની દિશા ભૂલભરેલી હોય છે ત્યારે સુખ મેળવવાની આતુરતા વધી પડે છે અને એની આતુરતાની પાછળ જ અઘટિત અને અનિચ્છનીય માર્ગો માનવ શોધે છે. એવા ખોટા માર્ગને જ પરિણામે મનુષ્ય નહીં કરવા યોગ્ય કાર્યો કરવા માંડે છે. અર્થાત્ એના પરિણામો ખોટા જ આવે એ સ્વાભાવિક જ છે. અને પછી એ પરિણામો ટાળવા માટે મનુષ્ય બીજા માર્ગો શોધે છે. અને એ પરંપરા ચાલુ થતાં નવા નવા દુઃખોનો જન્મ થાય છે. એક દુઃખ ટાળવા જતા બીજા અનેક દુઃખો ઉત્પન્ન થાય છે અને એ દુષ્ટચક્ર હમેશ અખંડિતરૂપે ફર્યા જ કરે છે. ત્યારે એ ચક્રમાંથી છૂટા થવું અશક્યપ્રાય થઇ પડે એમાં આશ્ચર્ય ન કહેવાય. વિચાર કરતાં એ સ્પષ્ટ જણાય છે કે, એ બધી અનર્થ પરંપરાના મૂળમાં સંતોષનો અભાવ એ જ સ્પષ્ટ જોવામાં આવે છે. સંતોષ એ સારામાં સારું અને ઊંચા પ્રકારનું સુખ છે. માટે જ કહ્યું છે કે,

न संतोषात्परं सुखम् । અથવા
संतोष एव पुरुषस्य परं निधानम् ।

એટલે સંતોષ કરતા વધારે શ્રેષ્ઠ બીજું કોઇ સુખ નથી, અને માટે જ સંતોષ એ જ મનુષ્ય માટે મોટામાં મોટું નિધાન છે. આત્માને સાચા સુખનો જ્યારે અનુભવ થાય છે ત્યારે તે નાચી ઉઠે છે. એને પરમઆનંદનો આસ્વાદ મળે છે અને એ બીજી કોઇ વસ્તુની અપેક્ષા રાખતો નથી. કોઇ મહાન વિજ્ઞાનનો સંશોધક પોતાના સંશોધન કાર્યમાં લીન થઇ જાય છે, ત્યારે તેને ભૂખ કે તરસની પણ યાદ આવતી નથી. એ પોતાના ઊંચા વિચારોમાં એટલો તલ્લીન બની જાય છે કે, પોતે જમ્યો કે ભૂખ્યો છે એનું એને ભાન હોતું નથી. એને જ્યારે ભૂખનું ભાન પણ ન હોય ત્યારે એને ભૂખની પીડા શા રીતે નડે? કવિ જ્યારે પોતામાં જાગેલી પ્રતિભાની ધૂનમાં હોય છે ત્યારે જ એ સુંદર કાવ્ય-પંક્તિઓ લખી જાય છે. એવે સમયે એને ભૂખ કે તરસની ક્ષુદ્ર વેદના શી રીતે નડે? એનો આત્મા

---

માત્રથી મેરુ જેવો મહાન્ પર્વત ડોલી ઊઠે તો પ્રભુ જ્યારે જમીન ઉપર ચાલતા હશે ત્યારે તો આખી પૃથ્વી ડોલતી જ હશેને? ના, પ્રભુ જ્યારે જમીન ઉપર ચાલતા હોય છે ત્યારે તેમની શક્તિનો પરિચય બતાવવાની ઇચ્છા નથી હોતી. જન્માભિષેક સમયે પણ પ્રભુએ મેરુપર્વતને સ્પર્શ કર્યો તે ઇન્દ્રના સંશયને દૂર કરવા; નહીં કે બીજા કોઇ હેતુથી. આવા તારક મહાપુરુષો આવશ્યકતા વિના કદાપિ શક્તિનો ઉપયોગ કરે જ નહીં અને જ્યારે કરે ત્યારે તેમની ભાવના લોકહિતની જ હોય છે.

જેમ દિવાસળીના બંડલોના બંડલો ખડકેલા હોય પણ પ્રયત્ન વિશેષ સિવાય તે કાંઇ સળગતી-સળગાવતી નથી. તેથી કોઇ એમ ન જ કહી શકે કે દિવાસળીમાં બાળવાની શક્તિ નથી. બાળવાની શક્તિ તો છે પણ ત્યાં પ્રયત્નવિશેષ નથી.

તેમ પ્રભુમાં અનંત શક્તિ હોવા છતાં તેનો ઉપયોગ વિના કારણુ તેઓ કરતા જ નથી.

સૌ કોઇ આ વાતને સાચી શ્રદ્ધાથી સમજી તેમાં રહેલ અસત્યાંશ દૂર કરી આત્મહિત સાધે એ જ ઇચ્છા.



For Private And Personal Use Only

ઊંચી વિચારધારામાં મગ્ન હોય છે. અને એનો સંતોષ પરાકોટીએ પહોંચેલો હોય છે ત્યારે એને ભૌતિક પીડાઓ ક્યાંથી યાદ આવે? પ્રભુ મહાવીર બાર બાર વર્ષો સુધી પોતાના આત્મચિંતનની ધૂનમાં મસ્ત હોય ત્યારે તેમને જગતમાં રહેલી અનંત વસ્તુઓ તુચ્છ લાગે ત્યારે તેમને ખાવાપીવામાં ક્યાંથી રસ હોય? વસ્તુ ખાટી કે મીઠી, ખારી કે મોળી કોને લાગે? જેની પાસે સંતોષનો ભરપૂર ખજાનો ન હોય તેને. જેનો આત્મા આ ઔદારિક શરીરમાં પ્રત્યક્ષ હાજર જ હોય નહીં અને ઉચ્ચતમ મનોભૂમિમાં નાચતો હોય અને ત્યાંની ઘટનાઓનો જે અનુભવ કરતો હોય તેનો આનંદ કોણ પડાવી લે એમ છે? એ સંતોષ અને એ સમાધાન અલૌકિક કોટીના હોવાથી સામાન્ય જન માટે એ અગમ્ય છે. એની ઝાંખી સરખી પણ બીજાને હોય નહીં, માટે સંતોષ જેવું પરમ સુખ બીજે કોઈ ઠેકાણે નથી એવું જ્ઞાનીઓ માને છે. જરા જેવો કાંટો વાગે છે ત્યારે આપણે વેદના અનુભવીએ છીએ, ત્યારે પ્રભુ મહાવીરના પગ ઉપર અગ્નિ સળગાવી ખીર રાંધવામાં આવે એ વખતે શું એમને વેદના નહીં થઈ હોય? એવું સામાન્ય માણસ પૂછી બેસે. કારણ પ્રભુ મહાવીરના આત્માની સંવેદના (Conscience) ક્યાં હાજર હતી એની એને ખબર હોતી નથી. ઘડીયાળમાં બાર ટકોરા વાગી જાય, છતાં ગપાટા હાંકવા બેઠેલાઓને જાણવામાં આવતું નથી, એનું કારણ શું? કારણ એમની સંવેદના ગપાટાઓમાં એમને જે રસ પડે છે અને જે આનંદ આવે છે તેની સાથે એકરૂપ થઈ ગએલ હોય છે. એને અન્ય વિચારો કે વિકારો તેટલા વખત સુધી અસર કરી શકતા નથી. પ્રભુ મહાવીરનો આત્મા ઊંચા મનોમંથનમાં એટલો તરબોળ થઈ ગએલો હતો અને આત્મસંશોધનમાં અને સત્ય તારવવામાં એટલો એકરૂપ થઈ ગએલો હતો કે, પોતાના ઔદારિક શરીર સાથેનો એમનો સંબંધ અત્યંત શિથિલ થઈ ગએલો હતો. અને તેથી જ તેઓને શારીરિક કષ્ટ કે વેદનાનું ભાન પણ થતું ન હતું. એમનો આનંદ ઊંચી કોટીનો હતો. એમનું Conscience મન અને બુદ્ધિના ક્ષેત્રમાં કામ કરી રહેલું હોવાને લીધે જ તેઓનું શરીર બધા ઉપસર્ગો સહન કરી શકતું હતું.

સામાન્ય મનુષ્યને આત્માના જુદા જુદા આવરણો કે શરીરોની ખબર નહીં હોવાને લીધે આ વાતો અશક્ય જેવી લાગે છે. કારણ ફક્ત બાહ્ય જણાતા શરીરનું જ અંશતઃ જ્ઞાન હોય છે. વાસના, મન, બુદ્ધિ વિગેરેના જુદા જુદા આવરણોથી આત્મા ઢંકાએલો હોય છે અને તે આવરણોમાં પણ અદ્ભિસનો ચાલેલો હોય છે એનું એમને ભાન હોવાનો સંભવ નથી. તેથી જ તેમનું જ્ઞાન છીછરું, અપૂર્ણ અને વિકૃત હોય છે. અને એને લીધે સંતોષ એ શું વસ્તુ છે એ તેઓ ઓળખી શકતા નથી. અને સંતોષનો વૈભવ કેટલો હોય છે અને એમાં કેટલું અપરિમિત સુખ હોય છે એનું એમને ભાન સરખું પણ હોતું નથી.

કેટલાએક બંધુઓ આવો પ્રશ્ન કરી બેસે છે કે, શું ત્યારે અમારે અમારો ઐહિક વૈભવ નહીં વધારતા જેવી ને તેવી સ્થિતિમાં સબડ્યા કરવું? શું અમારે દ્રવ્ય અને અધિકારનો વૈભવ કમાવા માટે પ્રયત્ન નહીં જ કરવો? એકાદ નિર્વીર્ય માણસની પેઠે નિષ્ક્રિય બેસી જ રહેવું? અને એવી સ્થિતિમાં જ સમાધાન અને સંતોષ પકડી બેસી રહેવું? એને જવાબ આપવો પડશે કે, ભાઈ! અમારા કહેવાનો આશય તમો સમજ્યા જ નથી. આમ જો સહેજે સંતોષ મળી જતો હોય તો તેને પરમ નિધાન શી રીતે ગણાય? પછી તો બધા જ નિર્વીર્ય અને માયકાંગલાઓ પુરુષાર્થી ગણાવા જોઈએ, પણ એમ થતું નથી. તમે ભલે પરાક્રમ અને પુરુષાર્થ ફોરવી ખૂબ દ્રવ્ય અને પ્રતિષ્ઠાનો વૈભવ કમાઓ. પણ સાથે સાથે સંતોષ પણ કેળવો. ઘોડો દોડતો મૂકી સ્વાર જો તેની લગામ પોતાના હાથમાં નહીં રાખે તો તે વહન કરી લઈ જનારો ઘોડો જ તેને ખાડામાં નાખ્યા વગર નહીં રહે. કારણ **અતિ લોભ એ પાપનું મૂળ છે.** આપણે ત્યાગ કરી ન શકીએ એ સમજી શકાય તેમ છે, પણ ગમે તેવી પરિસ્થિતિમાં પણ સંતોષને સ્થાન જ ન

આપીએ તો આપણો એ લોભ પરાકાટીએ જઈને પહોંચવાનો અને પછી સંતોષને સ્થાન જ ક્યાં રહેવાનું ? અને એ પરંપરા ચાલતી જ રહે તો સંતોષ જેવી વસ્તુ આપણને સાંપડવી જ અશક્ય થઈ પડવાની.

પ્રાપ્તસ્થિતિમાં સંતોષ માનવાનું કાર્ય ઘણાઓને આવડતું નથી. આખો દિવસ હાયવોય કર્યા કરે અને રોદણા રોયા જ કરે, તેમ પોતાની ભૂલ અગર અણઆવડત જોયા વગર બીજાઓનો દોષ કાઢયા જ કરે અને કોઈ રીતે સમાધાન નહીં જ રાખે. એવા માણસને સંતોષનું સુખ ક્યાંથી સાંપડે ? જે સ્થિતિમાં આપણે મૂકાએલા હોઈએ તે જ સ્થિતિ આપણા માટે લાયક છે અને તેટલું જ પુણ્ય આપણે મેળવ્યું છે એ સમજી સમાધાન માનવામાં આનંદ આવે છે, પણ તે માટે દુઃખ માની રડ્યા કરવું એ દુઃખદાયક કહેવાય. સંતોષ અને સમાધાન જેમ કેળવવામાં આવશે તેમ તેમ વધારે દ્રવ્ય કે વૈભવ મળ્યા પછી પણ અહંકાર આવશે નહીં અને મનનું સમતોલપણું ટકી રહેશે. સાથોસાથ સંતોષની માત્રા વધતી જશે. સંતોષના સુખનો અનુભવ થતાં એ વધુ ને વધુ મળતું જશે. સાધુપણા તરફ લઈ જનારો એ જ સીધો માર્ગ છે. મનને સંતોષ કેળવવાની ટેવ પડે તો જ આનંદ આવે. અને ગમે તેવી કપરી સ્થિતિમાં પણ અસમાધાન કે દુઃખને અવકાશ ન મળે. કવખતે બળજબરીથી અને મનનું પાકટપણું થવા પહેલા જ વૈરાગ્યના નામે કોઈને સંતોષ વળગાડી દેવામાં આવે તો તેનું પરિણામ વિપરીત આવે એવા દાખલાઓ તો આપણી નજરે પડે જ છે, એ દેખીતી વાત છે.

હવે એવો પણ પ્રશ્ન થાય કે, વિચાર પ્રાપ્ત કરવામાં પણ આપણે સંતોષ કે સમાધાન માની બેસી રહીએ ? એ પ્રશ્નના જવાબમાં આપણે કહી શકીએ કે, જ્ઞાન મેળવવાની તાલાવેલી ઘણાઓમાં જોવામાં આવતી નથી. અમો સામાન્ય વ્યવહારુ જ્ઞાનની વાત નથી કરતા. જે જ્ઞાનથી આત્મવિકાસ સધાય અને જે જ્ઞાનથી આત્માને કાંઈક ગુણ થાય અને સાધનાનો માર્ગ સાંપડે એવા ઉચ્ચકોટીના જ્ઞાનની આપણે વાત કરીએ ત્યારે એવા જ્ઞાન માટે ઉત્કટ ભાવના ઓછી જોવામાં આવે છે, માટે જ એવું જ્ઞાન મેળવવા માટે આપણે સંતોષ માનીએ તે ચાલે તેમ નથી. કારણ એ જ્ઞાનમાં જેમ જેમ વધારો થાય છે તેમ તેમ આત્માને વધુ ને વધુ સંતોષ મળતો રહે છે. અને આત્મામાં પ્રકાશનો વધારો થાય છે અને અપૂર્વ આનંદ મળતો જ રહે છે. એટલા માટે આપણે અપૂર્ણ છીએ, આપણામાં જ્ઞાન ઘણું અધૂરું છે એ ધ્યાનમાં રાખી વધુ ને વધુ તલસ્પર્શી જ્ઞાન મેળવવા માટે પ્રયત્નશીલ થવું જોઈએ. જેની પાસેથી જ્ઞાન મળવાનો સંભવ જણાય તેની સેવાભક્તિ કરી તે જ્ઞાન મેળવવું જોઈએ. જે ગ્રંથમાંથી આપણી જ્ઞાનપિપાસા તૃપ્ત થઈ શકવાની શક્યતા હોય તે ગ્રંથ મેળવવા માટે આપણે તનતોડ મહેનત કરવી પડે તો તે અવશ્ય કરવી. કારણ તેથી આત્માને પરમ સંતોષનો લાભ થવાનો છે, એ નિશ્ચિત વાત છે.

સંતોષ એ વસ્તુ આત્માની સાથે સીધો સંબંધ ધરાવે છે. અને આત્માનો મુખ્ય ગુણ જ્ઞાન હોવાથી સંતોષની સંવેદના જ્ઞાનથી જ થાય છે, માટે જ્ઞાન મેળવવા માટે વધુમાં વધુ પ્રયત્ન કરવો જોઈએ. અને મળેલું જ્ઞાન અનુભવમાં મૂકવા માટે પ્રયત્નશીલ થવું જોઈએ. એટલે એનું ફળ જે વિરતિ એ મનુષ્યને સહજ પ્રાપ્ત થશે. અને એની પાછળ સંતોષ ખેંચાઈને આવશે. એટલા માટે જ સંતોષની દુર્લભતા ગણવામાં આવી છે. એ સંતોષ બધાઓને પ્રાપ્ત થાય અને તેથી થતો આત્માનંદ બધાઓને સાંપડે એ જ અભ્યર્થના.

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**-ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨-૦-૦ લખો :—શ્રી જૈન ધ. પ્ર. સ.-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વાચક યશોવિજય ગણિ મોટા કે એમના સોદર પદ્મવિજય?

લેખક :
પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય વાચક **યશોવિજય**ગણિએ પોતાની કોઇ પણ કૃતિમાં પોતાના પિતાના, પોતાની માતાના નામનો ઉલ્લેખ સીધી કે આડકતરી રીતે પણ કર્યો હોય એમ જણાતું નથી. એ ગમે તેમ હો, પરંતુ એ ગણિએ પોતાના 'સોદર' તરીકે અર્થાત્ સગા ભાઇ તરીકે પદ્મવિજયનો ઉલ્લેખ કર્યો છે, એને લગતી પંક્તિ આ જ ગણિકૃત **તર્કભાષાની** પ્રશસ્તિનું દ્વિતીય પદ્ય પૂરું પાડે છે. આ રહી એ પંક્તિ:-

"प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जातः सुधीः सोदरः"

આ જ પંક્તિ **ન્યાયખંડખાદ્યની** પ્રશસ્તિમાં પણ જોવાય છે.

કાંતિ નામની કોઇ વ્યક્તિએ **જસવેલડી** રચી છે. એ **સુજસવેલી-ભાસ** તરીકે ઓળખાવાય છે. એની પહેલી ઢાળમાં જેમ યશોવિજયગણિનાં પિતા અને માતાનાં **નારાયણ** અને **સોહાગદે** એમ નામ અનુક્રમે અપાયાં છે તેમ આ ઢાળની બારમી કડીમાં યશોવિજયગણિના બાન્ધવ તરીકે પદમસિંહનો ઉલ્લેખ કરાયો છે. વિશેષમાં અહીં તો આ ગણિની દીક્ષા થયેલી જાણી એ પદમસિંહે દીક્ષા લીધી એમ આ જ કડીમાં કહ્યું છે. આથી એ કડી હું નીચે મુજબ રજૂ કરું છું:—

**"પદમસીહ બીજો વલીજી, તસ બાંધવ ગુણવંત,**
**તેહ પ્રસંગે પ્રેરિયોજી, તે પણિ થયો વ્રતવંત. ૧૨"**

આ ઉપરથી એમ લાગે છે કે **પદ્મવિજયની** દીક્ષા **યશોવિજયગણિ** પછી થઇ એટલે દીક્ષાની અપેક્ષાએ-દીક્ષા-પર્યાયની દૃષ્ટિએ **યશોવિજયગણિ** એમના સોદર **પદ્મવિજયથી** મોટા છે.

"સુજસવેલી-ભાસ"ની પ્રસ્તાવના(પૃ. ૮)માં **મોહનલાલ** દ. દેશાઇએ **પદ્મસિંહને યશોવિજયગણિના** "નાના ભાઇ" કહ્યા છે. આ વિધાન સાચું હોય તો **પદ્મવિજય** સંસારીપણાની **અપેક્ષાએ-ઉમ્મરની** બાબતમાં **યશોવિજયગણિ** કરતાં નાના ગણાય.

**યશોવિજયગણિએ** પોતાની કોઇ પણ કૃતિમાં પોતે પદ્મવિજયથી ઉમ્મર કે દીક્ષા કે બંનેમાં મોટા કે નાના છે એ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો નથી. ઊલટું એવા ઉલ્લેખ મળે છે કે જે આ પ્રશ્નના ઉત્તરને સંશયગ્રસ્ત બનાવે છે. આ ઉલ્લેખો હું નોંધું છું.

કમ્મપયડિની મોટી વૃત્તિ જે યશોવિજયગણિએ રચી છે તેની પ્રશસ્તિનું ચોથું પદ્ય નીચે મુજબ છે:—

"तच्छिष्याः स्म भवन्ति जीतविजयाः सौभाग्यभाजो बुधा
भ्राजन्ते सनया नयादिविजयास्तेषां सतीर्थ्या बुधाः ।
तत्पादाम्बुजभृङ्गपद्मविजयप्राज्ञानुजन्मा बुध-
स्तत्त्वं किञ्चिदिदं यशोविजय इत्याख्याभृदाख्यातवान् ॥ ४ ॥"

આ પદ્યના તૃતીય ચરણનો **અર્થ** બે રીતે થઇ શકે તેમ છે:—

(૧) તેમના ચરણકમળને વિષે ભ્રમરસમાન અને પ્રાજ્ઞ પદ્મવિજયના અનુજ
(૨) તેમના ચરણકમળને વિષે ભ્રમરસમાન પ્રાજ્ઞ પદ્મવિજય છે અનુજ જેના એ.

પ્રથમ અર્થ કરતી વેળા 'અનુજન્મન્' 'તત્પુરુષ' સમાસના અંશરૂપ છે. અને એ રીતે વિચારતાં યશોવિજયગણિ પદ્મવિજયના નાના ભાઇ થાય.

બીજો અર્થ કરતી વેળા 'અનુજન્મન્' 'બહુવ્રીહિ' સમાસના અંશરૂપ છે. અને એ રીતે વિચારતાં પદ્મવિજય યશોવિજયગણિના નાના ભાઇ થાય. આમ આ બે અર્થ એક બીજાથી ઊલટા છે.

**અનેકાન્તવ્યવસ્થાની** પ્રશસ્તિના નિમ્નલિખિત ચોથા (અંતિમ) પદ્યમાં "श्रीपद्मविजयानुजः" એવો ઉલ્લેખ છે, તેનો પણ [1]બે રીતે અર્થ સંભવે છે એટલે

---

૧ (અ) પદ્મવિજયના અનુજ અર્થાત્ નાના ભાઈ અને (આ) પદ્મવિજય છે અનુજ જેના એવા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વ્યવહાર કૌશલ્ય : (૩૧૫)

સ્વ. મોતીચંદ ગિ. કાપડિયા
( મૌક્તિક )

**જેઓ દુનિયાને બહુ સંભાળથી ખરીદે છે તે તેને ખોઇ બેસે છે.**

આ દુનિયા અસ્થિર છે, આજ હોય તે કાલે હોતા **નથી** અને બહુ સંભાળી સંભાળીને તેને ખરીદે છે, તેઓને પણ અંતે જવાનું છે. આ સંબંધમાં શાંતસુધારસમાં અનિત્ય ભાવના આપી છે તે બરાબર વિચારવી. જ્યારે નામ સર્વનો નાશ છે, અને અંતે આ દુનિયા છોડવાની જ છે તો પછી તેના ઉપર આટલી બધી મમતા કેમ થાય છે? એ અતિ આશ્ચર્યની વાત છે. માણસ અચ્છી તરેહથી ઘરના ઘર બંધાવે છે અને જાણે તેમાં પોતાનો સ્થાયી વાસ **થશે** એવી ધારણા રાખે છે, પણ જમરાજનું તેડું આવે ત્યારે કોઈના ઘરનાં ઘર રહેતાં **નથી** અને અંતે તેની સામે ખીલા ઠોકાય છે અને જેમ જલ્દી તેને બહાર કાઢી નાખવામાં અને આગ લગાડવામાં આવે તેમ તે આબરૂદાર કહેવાય છે. રાત્રે વાસેલ આગળિયો સવારે ઉઘાડાશે કે નહિ એવી આપણી કાયા છે અને એને આકાશના રંગ સાથે ઉચિત રીતે સરખાવવામાં આવી છે. જો આકાશનો રંગ કાયમ હતો તેનો તે જ રહે તો આ કાયા પર ભરોંસો રાખી શકાય. આપણે કંઇકને ઠેસ આવીને મરતા જોયા, કંઇકને ટાઇફોઇડ થતાં જોયા, કૈંકને પડતા આખડતા જોયા અને અત્યારે સો સવાસો કરતાં વધારે ઉમરના માણસને જોતા નથી. જ્યારે બધા આપણા વડવાઓ **કેમ ચાલ્યા ગયા?** આપણે અણધાર્યું અણચિંતવ્યું એવી જ રીતે જવાનું છે, તેમાં આપણા કરેલા સુકૃત્ય દુષ્કૃત્ય માત્ર આપણી સાથે આવનાર છે એટલે જીવાય તેટલો વખત આનંદથી જીવવું અને મોત આવે ત્યારે બખ-બખીઆ વગાડતાં જવું. પણ યાદ રાખવું કે એક દિવસ તો એવો જરૂર આવનાર છે, તે દિવસે ઘરના છોકરાં પણ આપણને રાખશે નહિ અને સગી સ્ત્રી કે વહાલામાં વહાલો મિત્ર હશે તે પણ આપણો થનાર **નથી** અને આ દુનિયા આપણે કેટલી મુશ્કેલીથી મેળવીએ છીએ. **મહા** પુણ્યયોગે આ નરભવ પ્રાપ્ત થયો છે, તો બને તેટલો તેનો લાભ ઉઠાવવો અને ખાલી હાથે ચાલ્યા **ન** જવું પડે તેની ચિંતવના કરવી. એવી જ રીતે જનાર તો પોતાના કર્તવ્યનું પાલન કરે છે અને હોય ત્યાં સુધી આનંદ ઉઠાવે છે, પણ ઘણાખરા તો આવ્યા તેવા ચાલ્યા જાય છે અને યમરાજને આધીન થાય છે એટલો જ એને નફો રહે છે; માટે સમજુ માણસનું કામ સગાંસંબંધીમાં ગોટવાઇ જવાને બદલે આ મનખાદેહનો બને તેટલો લાભ લેવામાં લાભ છે, બાકી જવાનું જરૂર છે. આ હકીકતને બરાબર સમજે તે મનુષ્યભવ સફળ કરે છે અને કૃતકૃત્ય થાય છે. **કુશળ** માણસ મનખા દેહનો લાભ મેળવે અને અત્યંત સંભાવથી પ્રાપ્ત થયેલ દેહને વૃથા ન જ ગુમાવે. એમાં એની કુશળતા છે, વ્યવહારુપણું છે અને દેહસાફલ્ય છે.

They lost the world who buy it with much care.

---

એ ઉલ્લેખ પણ નિરાકરણાર્થે કામ લાગે તેમ નથી.

तत्पादपद्ममधुपः श्रीपद्मविजयानुजः ।
सत्तर्कमकरोदेनं यशोविजयवाचकः ॥ ४ ॥

આ પરિસ્થિતિમાં એક જ અર્થ નીકળે એવો કોઈ ઉલ્લેખ યશોવિજયગણિએ પોતાની કોઈ કૃતિની પ્રશસ્તિમાં કર્યો હોય તો તે વિચારવો ઘટે. આ ગણિવર્યની તમામ કૃતિઓના આદ્ય અને અંતિમ *ભાગ એકત્રિત કરી એ પુસ્તકરૂપે પ્રકાશિત કરાયેલા નથી. અત્યારે તો હું અંતિમ નિર્ણય કરી શકતો નથી. બાકી આટલાં જ સાધન ઉપરથી મારે છેવટનો ઉત્તર આપવાનો હોય તો "તત્પુરુષ" દ્વારા સૂચિત અર્થ વિશેષતઃ સંભવિત જણાતો હોવાથી એને લક્ષ્યમાં રાખી હું પદ્મવિજયને સંસારીપણાની અપેક્ષાએ તો યશોવિજયગણિથી મોટા માનું છું અને એ રીતે હું સ્વ. મો. દ. દેશાઇના મતથી ભિન્ન મત ધરાવું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સ્વર્ગસ્થ શ્રી જુઠાભાઈ સાકરચંદ વોરા

[illegible] વ્યક્તિત્વ, [illegible], શ્રી [illegible] શ્રી [illegible] જુઠાભાઈ [illegible] અનેક સદ્‌ગુણો [illegible] દુઃખદ [illegible]

[illegible] જેવા [illegible] જૈન સંઘના [illegible] તેમના [illegible] શ્રી સંઘનો [illegible] રીતે ચલાવ્યો તેમાં [illegible] કામ લેવાની [illegible] હતા તેમ [illegible] અને [illegible] [illegible] સ્વર્ગવાસી [illegible] તેમનું [illegible] તેમની [illegible] તેમજ ધાર્મિક વૃત્તિના પુરાવારૂપ છે.

સામાજિક પ્રવૃત્તિમાં પણ તેઓ ઉલટભેર ભાગ લેતા હતા અને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જુનાગઢના અધિવેશન સમયે તેઓશ્રીએ જે ગણનાપાત્ર ભાગ ભજવ્યો હતો તે હંમેશાં ચિરસ્મરણીય રહેશે.

તેઓએ શ્રી ભાવનગર જૈન સમાજની સેવા બજાવી છે એટલું જ નહિ પણ ભાવનગર શહેરના એક પ્રતિષ્ઠિત સજ્જન તરીકે નાગરિક હિતોમાં પણ સુંદર રસ લીધો હતો.

ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા તેમજ શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા એ ત્રણે સાહિત્ય-સંસ્થાઓના ઉપક્રમે તા. ૧૪-૮-૫૭ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રિના સાડાઆઠ કલાકે સભા યોજવામાં આવી હતી, જે સમયે પ્રમુખશ્રી ખીમચંદ ચાંપશીભાઈ શાહ, શ્રી ચત્રભુજ જેચંદ શાહ, શ્રી છોટાલાલ નાનચંદ શાહ, શ્રી શામજી હેમચંદ દેસાઈ, શ્રી દીપચંદ જીવણલાલ શાહ વિગેરે વક્તાઓએ સ્વર્ગસ્થને ભાવભરી અંજલિ આપી હતી.

છેવટે સૌએ ઊભા થઈને નીચે પ્રમાણેનો શોક પ્રસ્તાવ પસાર કર્યો હતો.

## ઠરાવ

શ્રી ભાવનગર જૈન સંઘના માનનીય પ્રમુખ અને અગ્રગણ્ય શહેરી શેઠશ્રી જુઠાભાઈ સાકરચંદ વોરાના સં. ૨૦૧૩ ના શ્રાવણ શુદ ૧૫ ને શનિવારના રોજ થયેલ દુઃખદ અવસાન અંગે આજ શ્રાવણ વદ ૪ ના ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા તેમજ શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા આ ત્રણ અગ્રગણ્ય સાહિત્ય સભાઓનાં ઉપક્રમે મળેલ આ સભા દિલગીરી વ્યક્ત કરે છે.

શ્રી સંઘના માનનીય મંત્રી તેમજ પ્રમુખ તરીકે સ્વર્ગસ્થે શ્રી સંઘના ગૌરવ અને એકવાકયતા જાળવી રાખવા માટે લાંબા કાળથી જે સતત સેવા બજાવી છે તેમજ ભાવનગરની સાહિત્ય વિષયક તેમજ સામાજિક સંસ્થાઓના ઉત્કર્ષ માટે તેઓશ્રીએ જે સક્રિય સહકાર

For Private And Personal Use Only

[illegible] છે કે તેઓશ્રીના જીવનની ચમકતી ગૌરવગાથા સમાન છે. એક નિડર શ્રેષ્ઠી તરીકેની [illegible] પ્રકાશની બાહેર લેવા એટલી જ ગૌરવપાત્ર છે.

આ સભા આ સફળ તેઓશ્રીની સેવાને શ્રદ્ધાંજલિ અર્પતા તેઓના આત્માની પરમ શાન્તિ ઇચ્છે છે અને તેઓશ્રીના કુટુંબીઓ અને સ્વજનો પર આવી પડેલ દુઃખ પરત્વે પોતાની સમવેદના વ્યક્ત કરે છે.

* * *

ભાવનગર શ્રી સંઘની એક સભા તા. ૧૦-૮-૫૭ના રોજ શનિવારે રાતે સામાયિકશાળાની મેડીએ, શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલના પ્રમુખપણા નીચે મળી હતી, જે સમયે પણ શોકદર્શક ઠરાવ કરવામાં આવ્યો હતો.


—પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો શીલીકે છે—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરલતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરલ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

**પ્રભાવિક પુરુષો :: ભાગ ત્રીજો** લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. —શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ–સાધના મુદ્રણાલય, દાણાપીઠ–ભાવનગર.